ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

લૂંટનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ | અમદાવાદ ગ્રામ્ય અને પશ્ચિમ રેલવે જીઆરપીનું હાઇ-વોલ્ટેજ સંયુક્ત ઓપરેશન

નડિયાદ રેલવે સ્ટેશન પર ૪ કરોડના સોનાની લૂંટ, ૪ની ધરપકડ

ચાલુ કારે ૫૦૦ મીટર ઘસડાયેલા પોલીસ ઇન્સ્પેક્ટરે હેન્ડબ્રેક ખેંચી લૂંટારૂઓને દબોચ્યા.

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

નડિયાદ રેલવે સ્ટેશન પર સાંજના સમયે બનેલી ૪ કરોડની કિંમતના ૨.૯૦ કિલો સોનાની સનસનાટીભરી રોબરીનો ગણતરીના કલાકોમાં ઉકેલ લાવી અમદાવાદ ગ્રામ્ય અને પશ્ચિમ રેલવે જીઆરપી પોલીસે અસાધારણ સફળતા મેળવી છે. ફિલ્મી ડ્રામાને પણ ઝાંખો પાડે તેવા આ ઓપરેશનમાં જીવના



જોખમે ચાલુ કારે ૫૦૦ મીટર સુધી ઘસડાયા છતાં સ્ટેયરિંગ કાબૂમાં લઈ હેન્ડબ્રેક ખેંચનાર બહાદુર પોલીસ ઈન્સ્પેક્ટરની સતર્કતાથી લૂંટારૂઓની તમામ ચાલાકી નિષ્ફળ ગઈ હતી. પોલીસે ગુનામાં સંડોવાયેલા તમામ ૪ આરોપીઓને દબોચી લઈને લૂંટાયેલું સોનું તથા બે કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

નડિયાદ રેલવે સ્ટેશન પર સાંજે આશરે ૫:૦૦ વાગ્યાના અરસામાં સોનાની લૂંટની ઘટના બની હતી. આ ઘટના બનતાં જ ભોગ બનનારે અસાધારણ હિંમત દાખવી આરોપીઓનો પીછો કર્યો હતો અને તેમના વાહનનો ફોટો પાડી લીધો હતો. બાદમાં જીઆરપી ખેડા દ્વારા સીસીટીવી ચકાસી શંકાસ્પદ કાર અંગે સ્ટેટ કંટ્રોલ રૂમને એલર્ટ કરવામાં આવ્યો હતો, જેની વિગતો સાંજે ૭:૩૦ વાગ્યે અમદાવાદ ગ્રામ્ય પોલીસને પ્રાપ્ત થઈ હતી.

આ બાતમી મળતાં જ અમદાવાદ ગ્રામ્ય પોલીસે ત્વરિત રૂટ મેપિંગ હાથ ધર્યું હતું. કારના રજીસ્ટ્રેશન નંબર અને મોબાઈલ એસડીઆર પરથી બનાસકાંઠા કનેક્શન સપાટી પર આવ્યું હતું. આથી, લોકલ ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહે પોતાના બાતમીદાર નેટવર્ક દ્વારા કારનું સચોટ લોકેશન શોધી કાઢ્યું હતું.

પોલીસ ઇન્સ્પેક્ટર ૫૦૦ મીટર ઘસડાયા છતાં કાર રોકી !

કાર નજીક આવતાં જ પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એ. ગઢવી, પોલીસ ઇન્સ્પેક્ટર પરેશા જાની અને વિરમગામ ટાઉન તથા એલસીબીની ટીમોએ કારને કોર્ડન કરી લીધી હતી. જોકે, ભાગવાના મોહમાં આરોપીઓએ કાર પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એ. ગઢવીની ગાડી સાથે અથડાવી રિવર્સ ગિયરમાં ભગાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે એસ.એ. ગઢવીએ જીવના જોખમે ચાલુ કારનો દરવાજો પકડી લીધો હતો. તેઓ ૫૦૦ મીટર સુધી ઢસડ્યા હોવા છતાં, તેમણે અસાધારણ હિંમત દાખવી ચાલુ ગાડીનો દરવાજો ખોલી, સ્ટીયરીંગ પર કાબૂ મેળવ્યો હતો અને ઈમરજન્સી હેન્ડબ્રેક ખેંચી કાર અટકાવી દીધી હતી. અન્ય પોલીસ જવાનોએ તુરંત પહોંચી કારમાં સવાર તમામ આરોપીઓને દબોચી લીધા હતા.

આ તપાસ દરમિયાન કારની પાછળ નંબર પ્લેટ વગરની એક કાર પણ ચાલી રહી હોવાનું ખુલતાં પોલીસે સાચાણા અને વિરમગામ તરફ ત્વરિત નાકાબંધી ગોઠવી દીધી હતી. જ્યાં પકડાયેલા શખસના આધારે અન્ય 3ની ધરપકડ કરી હતી અને કારમાંથી ૨.૯૦ કિલો સોનાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કુટ ઓવરબ્રિજ પર લૂંટ થઇ હતી

દિયોદર તાલુકાના મોજરૂ નવા ગામનો વતની અને હાલ પશ્ચિમ બંગાળના કોલકત્તામાં રહેતો ભરત કરશનભાઈ ચૌધરી ગોમોર વેલ્યુ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં સોનાના દાગીનાના ટ્રાન્સપોર્ટેશનની નોકરી કરે છે. ગત 30મી સપ્ટેમ્બરના રોજ કંપનીના મેનેજર અનંત શાહની સૂચનાથી તે સોનાની ચેનોના પાર્સલ લેવા કોલકત્તા ગયો હતો. જ્યાંથી અંદાજે 2 કિલો અને 710 ગ્રામ વજનની રૂપિયા 3.70 કરોડથી વધુ કિંમતની સોનાની ચેનના ત્રણ બોક્સ એક આછા લીલા રંગની બેગમાં મૂકીને 1 ઓક્ટોબરના રોજ હાવડા અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનના એસી કોચમાં અમદાવાદ આવવા નીકળ્યો હતો. જોકે, કંપનીના અમદાવાદ બ્રાન્ચ મેનેજરની સૂચના મુજબ ગત સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તે નડિયાદ રેલવે સ્ટેશને પ્લેટફોર્મ નંબર 2 પર ઉતર્યો હતો. નડિયાદથી બસ પકડીને અમદાવાદ જવાનું હોવાથી તે રેલવે ફૂટ ઓવરબ્રિજ ચઢીને પ્લેટફોર્મ નંબર 1 તરફ જઈ રહ્યો હતો. તે જ સમયે કંપનીના પૂર્વ કર્મચારી સાવન ચૌધરીએ અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સાથે મળીને ભરતને આંતર્યો હતો. સાવને ગળેથી પકડીને જાનથી મારી નાખવાની ધમકી આપી સોનાના દાગીના ભરેલી બેગ ઝુંટવી રેલવે સ્ટેશનની પાછળ ભાગ્યાં હતાં.

ખેડા જિલ્લા પોલીસના સોથી વધુ જવાનોના કાફલાએ વહેલી સવારે આખા ગુતાલ ગામને કોર્ડન કર્યું

ગુતાલમાં દેશી દારૂના 'ગૃહ ઉદ્યોગ' પર પોલીસે સપાટો બોલાવ્યો, સરપંચના ભાભી દબોચાયા

પોલીસે હજારો લીટર દારૂ-વોશ શોધી મીઠું નાખી સ્થળ પર નાશ કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૪

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ગુતાલ ગામમાં મોટા પાયે ધમધમતા દેશી દારૂના ગેરકાયદે વેપલા અને ગૃહ ઉદ્યોગ પર પોલીસે મેગા ઓપરેશન હાથ ધરીને ધામધૂમથી ચાલતા અડ્ડાઓનો સફાયો બોલાવી દીધો છે. વહેલી સવારે ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમોએ એકસામટી છાપામારી કરીને સમગ્ર ગામને કોર્ડન કરી લીધું હતું. આ સામુહિક દરોડા દરમિયાન દારૂ ગાળવાના અને વેચવાના નેટવર્ક સાથે સંકળાયેલી ૧૪ મહિલા બુટલેગરો અને ૨ પુરુષ મળી કુલ ૧૬ આરોપીઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, જેમા સ્થાનિક સરપંચના ભાભી પણ શામેલ છે. પોલીસે રહેણાંક મકાનો, ધાબા અને તબેલાઓમાંથી સંતાડેલો જથ્થો શોધી કાઢી વડતાલ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના ગુતાલ ગામમાં જાણે દેશી દારૂનો ગૃહ ઉદ્યોગ ચાલતો હોય તેવી ચોંકાવનારી વિગતો સામે આવ્યા બાદ ખેડા જિલ્લા પોલીસ તુરંત હરકતમાં આવી હતી. નડિયાદ નાયબ પોલીસ અધિક્ષકના સીધા માર્ગદર્શન હેઠળ ૧૦૦થી વધુ પોલીસ જવાનોના કાફલા સાથે વહેલી સવારે ગામમાં એકસામટી રેડ કરવામાં આવી હતી. આ સામુહિક દરોડામાં આખા ગામને





પોલીસે ૧૪ મહિલા બુટલેગર સહિત ૧૬ને ઝડપ્યા

ગુતાલ ગામમાં થયેલી આ મેગા ડ્રાઇવ બાદ પકડાયેલા તમામ ૧૬ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે વડતાલ પોલીસ મથકે ગુનો નોંધીને ફરાર આરોપી યોગેશ તળપદાને પકડી પાડવા તેમજ દારૂના આ સમગ્ર નેટવર્કમાં અન્ય કોની સંડોવણી છે તે દિશામાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

ઘેરી લેવાતાં દારૂનો વેપલો કરતા તત્વોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પોલીસની આ આક્રમક કાર્યવાહીમાં દારૂ ગાળવા અને વેચવાના નેટવર્ક સાથે સંકળાયેલી ૧૪ મહિલા બુટલેગરો અને ૨ પુરુષ આરોપીઓ રંગેહાથ પકડાઈ જતાં આસપાસના પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

પોલીસના આ મેગા ઓપરેશનમાં પકડાયેલા આરોપીઓની કડક પૂછપરછ દરમિયાન કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા હતા. જેમાં ઝડપાયેલી મહિલાઓ પૈકી એક મહિલા ખુદ ગુતાલ ગામના સરપંચ ગિરીશ તળપદાના ભાભી હોવાનું ખુલ્યું હતું. દારૂના કાળા કારોબારમાં સક્રિય સરપંચના ભાભી દીપિકા યોગેશભાઈ તળપદાને પોલીસે દબોચી લીધા છે, જ્યારે તેમનો પતિ યોગેશ તળપદા પોલીસને થાપ આપીને સ્થળ પરથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે.

ધાબાની ટાંકી, ખેતર અને તબેલામાં દારૂ સંતાડ્યો



ગુતાલ ગામના બુટલેગરો દ્વારા દારૂ અને વોશ સંતાડવા માટે અત્યંત અનોખી તરકીબો અજમાવવામાં આવી હતી. ખાસ કરીને મહિલા બુટલેગરોએ પોતાના ઘરના ધાબા ઉપર ટાંકીઓ બનાવી અને પીપળા મૂકીને તેમાં દેશી દારૂનો વોશ સંતાડી રાખ્યો હતો. આ ઉપરાંત ખેતરોમાં અને તબેલાઓમાં પણ મોટા ખાડા ખોદીને તેમાં પીપડા દાટીને દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. ગુતાલ ગામ દેશી દારૂના વેપલાને લઇ બદનામ છે, ત્યારે આ કામગીરી જરૂરી બની હતી.

દારૂ અને વોશમાં મીઠું નાખી નાશ કરાયો



પોલીસની ટીમોએ બુટલેગરોની તમામ ચાલબાજીઓ અને તરકીબોને નિષ્ફળ બનાવી ખૂણે ખૂણેથી દારૂ તેમજ વોશનો જથ્થો શોધી કાઢ્યો હતો. રહેણાંક મકાનો, ધાબા, ખેતરો અને તબેલાઓમાંથી મળી આવેલા હજારો લીટર દેશી દારૂ અને વોશના જથ્થાનો નાશ કરવા પોલીસે દારૂમાં મીઠું નાખી દીધું હતું અને સમગ્ર જથ્થાનો સ્થળ પર જ સફાયો કરી નાખ્યો હતો.

નંબર પ્લેટ વગરના શંકાસ્પદ વાહનો ડિટેઇન

આ દરોડા દરમિયાન તપાસ હાથ ધરતા ગુતાલ ગામમાંથી કેટલાક એવા શંકાસ્પદ વાહનો પણ મળી આવ્યા હતા જેના પર નંબર પ્લેટ લગાવેલી ન હતી. પોલીસે આવા તમામ વાહનોને તાત્કાલિક ધોરણે ડિટેઇન કરી લીધા છે. આ વાહનોનો ઉપયોગ દારૂની હેરાફેરી કરવા માટે થતો હતો કે કેમ તે દિશામાં પોલીસે તપાસના ચક્ર ગતિમાન કર્યા છે.

નાણાકીય માંગણી વિના માત્ર વહીવટી અન્યાય સામે આકરા પાણીએ મહેસૂલી કર્મચારીઓ

ચરોતરના મહેસુલી કર્મીની ૭મીથી અનિશ્ચિત મુદતની હડતાળનું એલાન

પડતર પ્રશ્નના ઉકેલ માટે આજે માસ સીએલ પર જશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ સોમવારે તેમની પડતર માગણીને લઈ માસ સીએલ પર જવા નિર્ણય કર્યો છે. વારંવારની રજૂઆતો અને ઉચ્ચ કક્ષાએ આપેલી ખાતરીઓ છતાં ૧૪ જેટલા પડતર વહીવટી પ્રશ્નોનો કોઈ ઉકેલ ન આવતાં મહામંડળે ૧લી ઓક્ટોબરથી તબક્કાવાર ઉગ્ર આંદોલનની જાહેરાત કરી દીધી છે. જો સરકાર દ્વારા માંગણીઓનો સમયબદ્ધ નિવેડો નહીં લાવવામાં આવે, તો આવનારી ૭મી ઓક્ટોબરથી રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી જશે, જેના કારણે સરકારી કચેરીઓનો વહીવટ ઠપ્પ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

આ આંદોલનની સૌથી વિશેષ અને ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે મહામંડળ દ્વારા સરકાર સમક્ષ એકપણ રૂપિયાનો નાણાકીય બોજ પડે તેવી માંગણી મૂકવામાં આવી નથી. કર્મચારીઓ માત્ર મહેસૂલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગોની બિનજરૂરી કામગીરી દૂર કરવા, બઢતી-બદલીના નિયમોમાં સુધારો, નાયબ મામલતદારોની આખરી સિનિયોરિટી યાદી, પારદર્શક ઓનલાઈન બદલી પોર્ટલ અને ખાતાકીય પરીક્ષાઓ યોજવા જેવા શુદ્ધ વહીવટી પ્રશ્નોના નિકાલની માંગ કરી રહ્યા છે.

મહામંડળે મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીને પાઠવેલા આવેદનપત્રમાં કડવી વાસ્તવિકતા ઉજાગર કરી છે કે રાજ્યમાં મહેસૂલી તલાટીઓને બેસવા માટે ચાર્જ સોંપાયા પછી પણ રેકોર્ડ રૂમ કે ટેબલ-ખુરશી જેવી પ્રાથમિક સુવિધાઓ અપાઈ નથી. અમુક સેજમાં તલાટીઓએ ઝાડ નીચે બેસીને કામ કરવું પડે તેવી નોબત આવી છે.

ખંભાતમાં ૧૧ કેવી લાઈનમાંથી ૨.૧૫ લાખના વાયર ચોરાયાં

(પ્રતિનિધિ) ખંભાત તા.૪

ખંભાત ગ્રામ્ય સબ-ડિવિઝન હેઠળ સોખડા સબ-સ્ટેશનથી તરકપુર સુધી નવી ૧૧ કેવી ખેતીવાડી ફીડર લાઈન નાખવાની કામગીરી કોન્ટ્રાક્ટ મારફતે ચાલી રહી હતી. આ દરમિયાન ૨૧મી ઓગસ્ટના રોજ સ્થળ વિઝિટ દરમિયાન મીતલી-તરકપુર કેનાલની ધાર પર મીતલી નહેર પાસેથી ૧૧ કેવી એચટી લાઈનના ૫૪ ગાળા (૧.૮ કિલોમીટર) ના ત્રણ ફેઝના એલ્યુમિનિયમ તાર ગાયબ હોવાનું જણાયું હતું. આ અજાણ્યા તસ્કરો દ્વારા રૂ. ૨,૧૫,૮૧૩ ની મત્તાના આ વાયરો ચોરી કરી ગયા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે નાયબ ઈજનેર દિપુકુમાર લક્ષ્મણપ્રસાદ ખરવાર દ્વારા ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ખંભાતમાં ૭૬૫ કેવી લાઈનના ₹૮ લાખના વાયરની ચોરી થઈ

વટામણ-નવસારી હાઇટેન્શન લાઇનના ટાવર પરથી 3 કિમી વાયર ગાયબ

(પ્રતિનિધિ) ખંભાત તા.૪

ખંભાત તાલુકાના ઝાલાપુર અને માલાસોની ગામની સીમ વચ્ચેથી પસાર થતી વટામણથી નવસારી જતી ૭૬૫ કેવી પાવર ગ્રીડ પ્રોજેક્ટ લાઈનમાંથી રૂ. ૮ લાખની કિંમતના કંડક્ટર વાયરો તથા ફિટિંગ સાધનોની ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે કલ્પતરૂ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડના મેનેજર દ્વારા ખંભાત રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કલ્પતરૂ પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા વટામણથી નવસારી સુધી ૭૬૫ કેવી હાઈટેન્શન પાવર લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. ગત ૧૫મી સપ્ટેમ્બરની રાત્રિ દરમિયાન અજાણ્યા તસ્કરોએ ઝાલાપુર અને માલાસોની વચ્ચે આવેલા ટાવર નંબર ૧૫/૨ ને નિશાન બનાવ્યો હતો.

આ ટાવર પરથી તસ્કરો ૩ કિલોમીટર લંબાઈના કંડક્ટર એલ્યુમિનિયમ વાયરો, ૨ નંગ ફિટિંગ સેટ અને ૮ નંગ તાર જોઈન્ટ મળી કુલ ૮,૦૦,૦૦૦ નો માલસામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે કંપનીના મેનેજર અનુરાગ હૌશીલાપ્રસાદ દુબે દ્વારા ઉચ્ચ અધિકારીઓની મંજૂરી બાદ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

વર્ષ 1999માં અપાયેલા ભાડાપટ્ટાનું 5 લાખથી વધુ ભાડું બાકી

નડિયાદ : ગેરકાયદે બાંધકામનું રિનોવેશન છતાં મનપાનું મૌન

હાઉસિંગ બોર્ડમાં શૂરાતન દાખવતું મનપા ખુદની મિલકત બાબતે લાચાર બની

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

નડિયાદ મનપાના મુખ્ય ગેટની બિલકુલ સામે જ પોતાની માલિકીની જમીન પર ગેરકાયદેસર રીતે ચાલી રહેલા બાંધકામના રિનોવેશન સામે પાલિકાના સત્તાધીશો અને અધિકારીઓએ સાધેલું સૂચક મૌન અનેક શંકાઓ ઉપજાવી રહ્યું છે.

નડિયાદ શહેરની ગોવર્ધન ચેમ્બરની બાજુમાં આવેલી



પાલિકાની આ કિંમતી જમીન વર્ષ 1999માં ભાડાપટ્ટે આપવામાં આવી હતી. તત્કાલીન સમયે ભાડાપટ્ટાની શરતોનો સરેઆમ ભંગ કરીને ગેરકાયદે બાંધકામ ઊભું કરી દેવાયું હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. છેલ્લા કેટલાય વર્ષોથી આ ભાડાપટ્ટો રિન્યુ થયો નથી અને પાલિકાને ચૂકવવાનું 5 લાખથી પણ વધુનું ભાડું બાકી છે. આ ભાડું ન ચૂકવવામાં આવ્યું હોવા છતાં અને પટ્ટો પૂરો થઈ ગયો હોવા છતાં કબ્જેદારો આ જગ્યા પર કાયમી હક જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખુદ કચેરીની સામે જ સમારકામ ચાલુ હોવા છતાં તંત્ર ઘેનમાં હોય તેમ વર્તી રહ્યું છે અને તિજોરીને લાખોનો ચૂનો લાગવા દેવામાં મિલીભગત હોવાની શંકા સેવાઈ રહી છે.

બીજી તરફ, પાલિકા દ્વારા હાઉસિંગ બોર્ડના મકાનો ખાલી કરાવવા અને ગરીબ-મધ્યમ વર્ગના દબાણો હટાવવા આકાશ-પાતાળ એક કરવામાં આવી રહ્યા છે, પરંતુ કરોડો રૂપિયાની સરકારી મિલકતો પર થયેલા કબ્જા છોડાવવામાં અધિકારીઓના હાથપગ ધ્રૂજી રહ્યા છે.

આણંદ : સાસરિયાએ ઘરખર્ચ માટે પરિણીતાને ત્રાસ આપ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૪

વડોદરાની યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતી અને પીએચ.ડી. કરતી ૨૮ વર્ષીય પરણિતા નીતીબેન શાહે ઘરનો તમામ ખર્ચ ઉપાડવા માટે સાસરીયાઓ દ્વારા અપાતા માનસિક ત્રાસ મામલે આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૮ વર્ષીય નીતીબેન શાહના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૪માં માંજલપુર (વડોદરા) ખાતે રહેતા હર્ષિલકુમાર સંજયકુમાર શાહ સાથે થયા હતા. લગ્નના થોડા મહિના બાદ જ પતિ વટામણ સ્થિત મંદિરે દિવસો સુધી જતા રહેતા અને નીતીબેન પર નોકરી છોડી દેવા માટે દબાણ કરતા હતા. વર્ષ ૨૦૨૫થી સાસરીયાઓએ 'ઘરનો તમામ ખર્ચો તારે જ ઉપાડવો પડશે, અને કામ ન આવડતું હોય તો નોકરાણી રાખી તેનો પગાર પણ તારે આપવો પડશે.' તેમ કહીને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

બાદમાં પરણિતાને પિયર મોકલી દીધા પછી પતિએ તેને ફરી તેડવા ઈનકાર કરી દીધો હતો. એટલું જ નહીં, પરણિતાના ભાઈના લગ્નનું આમંત્રણ આપવા ગયેલા પિયરના પરિવારજનોને પતિએ ક્લિનિકમાંથી અપમાનિત કરીને કાઢી મૂક્યા હતા. આ અંગે આણંદ મહિલા પોલીસે પરણિતાની ફરિયાદના આધારે પતિ હર્ષિલ, સાસુ સ્વાતિબેન અને સસરા સંજયભાઈ શાહ સામે ગુનો નોંધ્યો હતો.

નડિયાદમાં કૃત્રિમ તળાવના ઉંડા કાદવમાં વાછરડું ફસાયું

હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે વિસર્જન બાદ યોગ્ય પુરાણ ન કરાતાં દુર્ઘટના સર્જાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

નડિયાદમાં ગણપતિ વિસર્જન માટે હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે બનાવેલા કૃત્રિમ તળાવનું પાલિકા દ્વારા યોગ્ય પુરાણ ન કરાતા સર્જાયેલા ઊંડા કાદવમાં એક ગાયનું વાછરડું ખરાબ રીતે ફસાઈ ગયું હતું. પાલિકા તંત્રની આ ઘોર બેદરકારી સામે સ્થાનિક લોકોએ સમયસૂચકતા અને માનવતા દાખવીને ભારે જહેમત બાદ વાછરડાને સુરક્ષિત બહાર કાઢ્યું હતું.



ગણપતિ ઉત્સવ પૂર્ણ થયા બાદ આ તળાવનું યોગ્ય લેવલિંગ કરીને માટીથી પુરાણ કરવામાં પાલિકા તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે. અધૂરા પુરાણને કારણે સ્થળ પર કાદવ-કીચડનું સામ્રાજ્ય ઊભું થઈ ગયું હતું, જેમાં ત્યાંથી પસાર થઈ રહેલું વાછરડું ખૂંપી જતાં બહાર નીકળવા માટે હવાતિયાં મારી રહ્યું હતું.

કાદવ અત્યંત ઊંડો અને ચીકણો હોવાથી સામાન્ય રીતે વાછરડાને બહાર કાઢવું અશક્ય હતું. આથી આસપાસના જીવદયા પ્રેમી નાગરિકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને પોતાના જીવના જોખમે કાદવમાં ઉતરીને દોરડા વડે વાછરડાને સુરક્ષિત રીતે બહાર ખેંચી કાઢ્યું હતું.

આ ઘટનાથી પાલિકાની નબળી કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે અને નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો સ્થાનિકો સમયસર ન પહોંચ્યા હોત તો આ નિર્દોષ જીવે જાન ગુમાવવો પડ્યો હોત. સ્થાનિક લોકોએ ઉગ્ર માંગ કરી છે કે પાલિકાના સત્તાધીશો તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી આ કૃત્રિમ તળાવનું યોગ્ય લેવલિંગ કરી સંપૂર્ણ પુરાણ કરાવે જેથી ભવિષ્યમાં આવી કોઈ જીવલેણ ઘટના ન બને.